શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૮
અંક : ૩

## ટકાઉ ખેતી (ટીપા પિયત પધ્ધતી )

મિત્રો, ગયા અંકમાં જમીન અને પાણી ચકાસણીની વાતો કરી હતી જે આપને ઉપયોગી સાબિત થઈ હશે અને આશા રાખુ છું કે આપ સૌ ખેડૂતો પાણી અને જમીનની ચકાસણી અવશ્ય કરાવશો.

આ અંકમાં ટપક પિયત પધ્ધતિ વિશે વાતો કરીશું.

મિત્રો, આજે ખેતીની પહેલી જરૂરીયાત એ પિયતનું પાણી છે અને સૌથી સારી પિયત પધ્ધતિ એ ટપક–ટીપા પધ્ધતિ છે. ઘણાં વર્ષના મારા તેમજ ખેડૂતોના અનુભવ પછી હું કહી શકું કે પિયત ખેતી કરતાં તમામ ખેડૂતોએ ટપક પધ્ધતિ વસાવવી જોઈએ.

### રમુજ એક થેરપી

***ભાડૂત :*** બહાર ભારે વરસાદ પડે છે અને છતમાં ઘણી જગ્યાએથી પાણી પડે છે, એ તમને અનેક વાર કીધેલું છે, તો આમ કયા સુધી ચાલશે?

***મકાન માલિક :*** મને કેમ ખબર પડે? હું કાંઈ હવામાન શાસ્ત્રી થોડો છું !

તમને સવાલ થાય કે શા માટે ?

તો તેની ચર્ચા કરીએ.

કોઈપણ ખેડૂતોને કહીએ કે ટપક પધ્ધતિ વસાવો. એટલે ખેડૂતો નીચેના સવાલો સાથે ના પાડતા હોય છે.

૧. પાણી પુષ્કળ છે. ટપક પધ્ધતિ નથી કરવી.
૨. જંગલી જાનવર/ઉંદરનો ત્રાસ છે.
૩. હાલ રૂપિયાની સગવડ નથી.
૪. સબસીડી ઓછી છે.

આમ, આ મુખ્ય ચાર સવાલો હોય છે. આ સવાલોની થોડી સમજ ઉભી કરીએ.

પાણી પુષ્કળ હોય તો ટપક ના વસાવીએ એ મોટી ભુલ ગણી શકાય કારણ કે પાણી કોઈ ફેકટરીમાં બનતું નથી. કુદરતી વરસાદના આધારે મળે છે અને દર સાલ વરસાદ અનિયમિત અને ઓછો થતો જાય છે. આવતા વર્ષો માટે પાણીના જથ્થાને જાળવી રાખવો એ આવતી પેઢી માટે જરૂરી છે. એટલે પાણી વધારે હોય તો પણ ટપક વસાવવી જોઈએ.

જંગલી જાનવરનો ત્રાસ મોટા ભાગે કપાસના પાકને નથી થતો એટલે કપાસના પાક માટે આ સવાલ જ બનતો નથી. પરંતુ મગફળી જેવા

**માણસને સાચા સ્વરૂપમાં ઓળખવો હોય તો તેને સતાસ્થાને બેસાડો.**

પાકોમાં નુકશાની હોય છે. તેમા પણ મગફળી બચાવવા માટે ખેડૂતો રાત્રે અને દિવસે પાકની સલામતી માટે રખોપું કરતા હોય છે. તેની સાથે ટપકનું પણ રખોપું થઈ જાય છે. માટે ટપકના રક્ષણ માટે કોઈ અલગ ખર્ચ કરવાની જરૂર નથી.

રૂપિયાની બાબતમાં હું જાણું છું ત્યા સુધી એક બે ઉપાય કરી શકાય. જેમ કે સગવડ મુજબ દર વર્ષે થોડી થોડી ટપક વસાવી શકાય. તેમજ આપને જે બેંક કે સહકારી મંડળી જે પાક ધિરાણ આપે તેની પાસેથી લોન લઈ શકાય અને હપ્તાથી ટપક વસાવવી જોઈએ.

સબસીડીની વાત છે. ત્યા સુધી જે તે સમયે જે સબસીડી મળતી હોય તેનો લાભ ઉઠાવવો જોઈએ. વધારે સબસીડીની લાલચમાં વર્ષો નીકળી જાય છે. જેથી પાક ઉત્પાદન અને ખેતી ખર્ચનું નુકશાન દર વર્ષે વેઠવું પડે છે.

મિત્રો,

હું જે ખેડૂતો વર્ષોથી ટપક વસાવી છે. તેના અનુભવો કહું તો જે ટપકનો ખર્ચ થાય છે તે બીજા વર્ષ સુધીમા તો વધારાનું ઉત્પાદન અને ઓછા ખેતી ખર્ચથી વળતર મળી જાય છે. માટે ટપકમાં ખર્ચ આવે અથવા સબસીડી ઓછી છે. એ માત્ર બહાનું કહી શકાય. ટપકમાં ખર્ચ નથી માત્ર બે વર્ષનું રોકાણ છે.

ટપકને ભેગી કરવા માટે ચરખીના ઉપયોગથી સરળતાથી કરી શકાય છે.

આધુનિક ટપકમાં જો પાઈપ જામ થાય તો તેને કેમીકલ્સ દ્વારા આસાનીથી સાફ કરી શકાય છે.

મિત્રો,

આતો તમારા સવાલોના જવાબ થયા. થોડા બીજા લાભો પણ જોઈએ.

૧. ખેતીમાં મજૂરી ખર્ચ ઘટાડી શકાય.
૨. ખાતર, દવાનો ખર્ચ ઘટાડી શકાય.
૩. પાણી નબળું હોય તો પણ જમીન ખરાબ ના થાય અને સારૂ ઉત્પાદન મેળવી શકાય છે.
૪. જમીનની ગુણવતા સારી રાખી શકાય છે.
૫. લાઈટ બિલ અને ડિઝલ જેવા ખર્ચમાં ઘટાડો લાવી શકાય.
૬. થોડા પાણીમાં વધારે વિસ્તારમાં ઉત્પાદન લઈ શકાય છે.

આમ, જો લાભોની ગણતરી કરવા બેસીએ તો આ પત્રિકાના પાના ટુંકા પડે માટે આ બધુ જ ખેડૂત મિત્રો જાણે છે અને આશા રાખું કે આપ સૌ ખેડૂત ભાઈઓ તથા બહેનો ટપક પધ્ધતિ વસાવશો અને તેમા મદદની જરૂર જણાય તો શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર ધોકડવા ઓફીસનો સંપર્ક કરી શકે છે. સંસ્થા દ્વારા આ કામ માટે એન્ટરપ્રીનીયોરની સ્થાપના કરી છે. શ્રી ભુરાભાઈ વાઢેર – ૯૭૨૩૦ ૨૫૯૪૩ નો સંપર્ક કરવા વિનંતી છે.

મિત્રો આવતા અંકે ખેડૂત સંગઠન વિશે વાતો કરીશું.

**– ડી.એન. ઝાલા**

**જગતમાં બધે જ સૌંદર્ય છે પરંતુ એ સૌદર્યને નિહાળવા માટે પ્રેમ ભીના ચક્ષુ જોઈએ.**

## ખેડૂત સંગઠન સંચાલન પ્રક્રિયા

ખેત ઉત્પાદક સંગઠનની વાસ્તવિક પરિસ્થિતી અનુસાર મજબુત અને વિકસીત થાય જેથી બજારમાં ટકી રહે તે હેતુથી તા. ૮ થી ૯ જાન્યુઆરી ૨૦૧૬ દરમ્યાન એક કવાયત યોજાઈ હતી. ખાંભા, ધારી, જાફરાબાદ અને ઉનામાં રચાયેલા ખેત ઉત્પાદક સંગઠનના ડાયરેકટર્સ, સ્ટાફ તથા સંસ્થાના કાર્યકરો જોડાયા હતા. ઈન્ડિયન ફાઉન્ડેશન ફોર હયુમિનીટી ડેવલોપમેન્ટ દ્વારા ચાલતા પ્રોચીફ પ્રોગ્રામના ડેપ્યુટી ડાયરેકટર શ્રી સી.જે રોબેન્સ પ્રોચિફના પ્રતિનીધી શ્રી મનિષભાઈ મિશ્રા, સીએસપીસીના પ્રોગ્રામ મેનેજરશ્રી દેવશ્રી પુરોહિતએ માર્ગદર્શન આપ્યુ હતુ.

બે દિવસ માટેની આ કવાયત વિશે સંસ્થાના ડાયરેકટરએ માહિતી આપી. ૨૪.૯.૧૫એ અવિરત કંપનીનું સ્વમુલ્યાકંન થયુ તેના તારણોથી કાર્યવાહી આગળ ચાલી. અવિરત કંપનીની મુશ્કેલીઓ ગવર્નિંગ બોડી સક્રિયતા, ઉત્પાદન અને બજારના પરિણામો પર વાતો કરવામાં આવી હતી. સંગઠનનું વિઝન "સંગઠનનો ખેડૂત સમૃધ્ધ ખેડૂત" થયેલ કાર્ય અને તેમાં સુધારાની જરૂર છે કે વિઝનની સમિક્ષા કરવી તેના પર ચર્ચા કરી હતી. વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના કાર્યની માહિતી રજુ થઈ તેના આધારે મિશન ૨૦૨૦ની રૂપરેખા બની.

૧. દરેક સભાસદ સક્રિય હોવો જોઈએ.
૨. ૯૦% સભાપદને કંપનીની વસ્તુ પ્રોડયુસર કંપની પાસેથી મળવી જોઈએ.
૩. દરેક સભાપદ કંપનીને તેના ઉત્પાદનનું વેચાણ કરે.
૪. કઠોળ, મગફળી, ઘંઉ, જીરૂ, ધાણા, કેરી વગેરે પાક ઉત્પાદનોમાં મુલ્યવર્ધન.

અવિરત કંપનીનો સરેરાશ વહિવટી ખર્ચ વાર્ષિક ૯ લાખ જેટલો થાય તેવી ગણતરી સહભાગીઓ દ્વારા કરવામાં આવી.

અવિરતમાં મજબુત પાસાઓમાં ખેડૂતોનું જોડાણ, ડિરેકટર્સ નિષ્ઠા, ધિરાણ મેળવવાની ક્ષમતા અને સંસ્થાની ગુડવીલ (૨૦ વર્ષથી એ વિસ્તારમાં કામનો અનુભવ) જણાઈ આવ્યા હતા.

સુધારાની જરૂરિયાતમાં ૪૦% ખેડૂતો સુધીની જ પહોંચ છે તમામ ખેડૂતો સુધી પહોચવું જરૂરી જણાયું. કામ કરવાની પધ્ધતિમા, વ્યાપાર પસંદગી, નાણાનો ઉપયોગ વગેરે બાબતે જે મુદ્દાઓ નીકળી આવ્યા તેના પર ચર્ચા કરી જરૂરી સુધારાની કવાયત થઈ.

આ બાબતને આગળ વધારતા સંસ્થાના પ્રતિનિધિ તથા અવિરતના સીઈઓએ તા. ૯ થી ૧૧ માર્ચ દરમ્યાન બેંગલોર ખાતે યોજાયેલ સીઈઓ કનેકટ ફોરમમાં ભાગ લીધો હતો.

**મનુષ્યના શરીર, મન અને આત્મામાં રહેલા ઉત્તમ અંશો પ્રગટે એ કેળવણી**

## એસએમસી

દરેક ગામમા ચાલતી પ્રાથમિક શાળામાં શાળા વ્યવસ્થાપન કમિટી – એસએમસી રચવામાં આવી છે. શાળા વ્યવસ્થાપનની પુરી જવાબદારી તે સંભાળે છે. કંઈપણ મહેનતાણા કે પગાર વિના પોતાની ફરજ બજાવે છે. તેમાં ૧૨ સભ્યો હોય, ૯ સભ્યો, વાલી અને ૩ સભ્યોમાં એક સ્થાનિક સતાતંત્રના ચુંટાયેલા સભ્ય, એક શ્રેયાન શિક્ષક કે જે આચાર્યની ગેરહાજરીમાં સભ્ય સચિવ તરીકે કામગીરી બજાવી શકે, એક સ્થાનિક શિક્ષણવિદ આ સમિતીમાં સમાવિષ્ટ બાળકોના માતા પિતા જે નકકી કરે તે તથા સ્થાનિક કડીયાનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ માટે રાજયની સહાય ન મળતી હોય તેવી તમામ શાળાઓમાં આ સમિતીની પુનઃરચના શાળામાં વાલી સભા / ગ્રામ સભા યોજી કરવાની થાય છે.

ઘણાં લોકો એસએમસીથી અજાણ હોય છે. તેને માહિતગાર કરવાના હોય છે તેમજ નિયમિત રીતે વાલી મિટીંગ કરવાની હોય છે. બાળકો શાળાએ અનિયમિત હોય તો તેને શાળાએ નિયમિત રીતે આવતા કરવાના હોય છે. માઈગ્રેશન થતું હોય તેના કારણે મોટા ભાગની શાળામાં વિદ્યાર્થી વધારે ગેરહાજર રહેતાં હોય છે. અને અમુક સમયથી અમુક સમય સુધી બાળકોના વાલી છે તે ગામ છોડીને બીજા ગામે મજૂરી કરવા અથવા તો ભાગીયુ રાખવા કે કોઈપણ વ્યવસાય માટે સ્થળાંતર કરે છે. તે આને માટે વિદ્યાર્થીને શાળામાંથી માઈગ્રેશન કાર્ડ કાઢી આપવામાં આવે છે. આ માઈગ્રેશન કાર્ડ બીજી શાળામાં આપવાથી ત્યાં બાળકને દાખલ કરે છે. અને ત્યાં પુરેપુરો અભ્યાસમાં તેને સમાવેશ કરવામાં આવે છે. જયાં સુધી ત્યાં રહે ત્યા સુધી તે ત્યાં અભ્યાસ કરી શકે છે. ફરી પાછા તે પોતાને વતન જાય ત્યારે તે માઈગ્રેશન કાર્ડ આપીને ગામમાં અભ્યાસમાં જોડાઈ શકે છે. એટલે વચ્ચે બાળકને અભ્યાસમાં અડચણના આવે અને પાછળ ન રહી જાય તે માટે માઈગ્રેશન કાર્ડ બાળક માટે આશિર્વાદ રૂપ છે જેથી બાળકનું ભવિષ્ય બગડતું નથી. અભ્યાસમાં કોઈ મોટો ફેર પડતો નથી. તેથી માઈગ્રેશન કાર્ડ વિશે જાણવું જરૂરી છે.

મારી શાળા ગામ ત્રંબોડા જે અમરેલી જીલ્લાના બાબરા તાલુકામાં આવેલી છે. અહીં પહેલા એસએમસી વિશે લોકો અજાણ હતા તેમજ માઈગ્રેશન વિશે પણ જાણ ન હતી. તેથી અવાર નવાર શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના કાર્યકરો થકી કાર્ય થઈ રહયુ છે તે બાળકો માટે આશિર્વાદ રૂપ છે કારણ કે આ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના જે કાર્યો છે. તે ખરેખર ધન્ય છે. તેમાં રીંકલ મકવાણા, હીરલ ગોંસાઈ, ચિરાગ કરડ તથા ગોરધન વાઘેલા જેઓ ગૌતમ વનરાના માર્ગદર્શન હેઠળ સતત કાર્યરત છે અને પુરેપુરો સમય આપીને ગામડાઓમાં વાલી

**બધુ જ પરિવર્તનશીલ છે, કશું પણ સ્થિર રહેતું નથી.**

મિટીંગ કરી તેમજ એસએમસીની પણ મુલાકાત લે છે. અને ખાસ તો માઈગ્રેશન વિશે ખુબ જ સારી માહિતી આપે છે. જે વાલીઓને જાગૃત કરવામાં ખુબ જ મદદરૂપ થાય છે.

અમારી શાળામાં જે દર વર્ષ માઈગ્રેશન થતું તે અત્યારે થતુ નથી અને બાળકો શાળાએ નિયમિત આવે છે. શાળામાં પણ પુરેપુરો સમય આપીને અભ્યાસ કરે છે. શાળામાં સ્ટાફ તથા વિદ્યાર્થી પણ પુરેપુરો સમય આપીને મદદરૂપ થાય છે. વાલી મિટીંગમાં ખાસ વાતો રજુ કરે છે. સરકારના પ્રયત્નો તથા સંસ્થાના પ્રયત્નો વિશે માહિતગાર કરે છે.

સ્વચ્છતા વિશે જોઈએ તો અમારી શાળામાં નિયમિત બાળકોને શુધ્ધ પાણી પીવા મળે છે. તથા મધ્યાહન ભોજનમાં પણ સ્વચ્છ અને સારૂ ખાવાનું નિયમિત બને છે. આરોગ્ય તપાસ થાય છે. સાંસ્કૃતિક કાર્યમાં રસ ધરાવે છે. સંગીત અને સુલેખ તેમજ રમત ગમત નાટકો વગેરે કાર્ય થાય છે. બાળકોમાં પણ રસ અને રૂચિ છે. એકબીજા પ્રત્યે પ્રેમ, ભાવ અને લાગણી હંમેશા જોવા મળે છે. શાળાનો સ્ટાફ પણ ખુબ જ સારી રીતે અભ્યાસમાં ધ્યાન આપે છે. ગામ સભા, વાલી મિટીંગ તથા એસએમસીની મિટીંગ નિયમિત મળે છે. જો વાલી પોતે જાગૃત હશે તો વિદ્યાર્થી બાળકો માટે તમામ પરિબળો સહેલા બની જશે અને તેનું ભવિષ્ય સારૂ બનશે એમાં બે મત નથી. હું અત્યારે એસએમસીનો સભ્યમાં શિક્ષણવિદ તરીકેની ફરજ બજાવું તે મારા માટે ખુબ સારી વાત છે કે મને આ સેવાનો મોકો મળ્યો છે. તો મારી જવાબદારી હું પુરી રીતે નિભાવિશ.

અને છેલ્લે હું કહીશ કે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની ટીમ તથા સંચાલકગણ આ બાબતે ઉંડો રસ લઈ બાળકોના અભ્યાસની જે ચિંતા કરે છે તે બદલ તેઓને ધન્યવાદ.

***– હંસરાજ પેથાણી, ત્રંબોડા***

લુવારીમોલીના ખેડૂત ઘુસાભાઈ રવજીભાઈ કાપડીયાએ છેલ્લા ચારેક વર્ષથી ડ્રીપ બેસાડી. બે વર્ષ તેનો ઉપયોગ થયો. ઉંદરના કાપવાથી તેમણે કપાસના પાકને છુટ્ટુ પાણી આપવાનું ચાલુ કર્યું તો તેમા ૪ એકર જમીનમાંથી માત્ર ૨ થી ૩ એકર જમીનમાં જ પિયત થયું અને ઉત્પાદન પણ ઘટયું. ઘુસાભાઈએ આ વર્ષે તેમની ટપકની પાઈપો જે બગડી હતી તે નવી ખરીદી ફરી ટપક કપાસના પાક માટે પાથરી જેથી તેમને ઓછા પાણીએ સારો પાક મળ્યો. ગયા વર્ષમાં વીઘે ૨૫ મણનો ઉતારો હતો જયારે આ વર્ષે ટપકથી પિયત આપતા તેમને વીઘે ૩૦ મણનો ઉતારો મળ્યો. તેમણે ઘુસાભાઈએ સંસ્થાના કાર્યકર સાથેની ચર્ચામાં કહયુ કે, વધુ પડતા પાણીના ઉપયોગના અટકાવથી ભુગર્ભજળસ્ત્રોતોને પુનઃજીવિત કરી સારી ઉપજ મેળવી શકીશું.

***જ્ઞાનરૂપી ધન જે પોતાના મગજમાં ભરી લે તો કોઈ તેને છીનવી શકતું નથી***

## ટેકો

માર્ક નામનો એક છોકરો પરદેશની એક નિશાળમાં ભણતો હતો. એક દિવસ શાળા માંથી છુટયા પછી એ પોતાના ભાઈબંધોની જોડે ઘરે ન ગયો. એકાદ ચોપડી બદલવાની હોવાથી થોડી વાર લાઈબ્રેરીમાં રોકાયો સાંજ પડી ત્યારે એ ઘરે જવા નીકળ્યો.

રસ્તામાં એણે જોયું કે સ્કુલથી થોડે દુર એના જેવડો જ એક છોકરો ઘણાં બધાં પુસ્તકો, બેઝબોલનું બેટ, બેઝબોલના મોજા અને અન્ય થોડો સામાન લઈને એની આગળ જઈ રહયો હતો. એના હાથમાં બે બરાબર રીતે સાચવીને ઉપાડી શકે એનાથી વધારે વસ્તુઓ હતી એ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. અચાનક એ છોકરાનો પગ લથડયો અને એના હાથમાંથી બધી વસ્તુઓ જમીન પર પડીને વેરવિખેર થઈ ગઈ એ પોતે પણ નીચે પડી ગયો.

એ જોઈને માર્ક દોડયો એણે પેલા છોકરાને ટેકો આપીને બેઠો કર્યો એની વસ્તુઓ એકઠી કરીને ગોઠવી આપી. પછી અર્ધી વસ્તુઓ પોતે લઈને બોલ્યો, ચિંતા ન કરીશ, દોસ્ત તારો આટલો સામાન હું ઉપાડી લઉં છું. ચાલ, હવે એ બતાવ, આપણે કઈ તરફ જવાનું છે ? અને હા, બાય ધી, વે મારૂં નામ માર્ક છે.

પેલા છોકરાના રડમસ ચહેરા પર હાસ્ય ફુટી નીકળ્યું પોતાના ભાગનો સામાન ઉંચકતા એ બોલ્યો, મારૂં નામ જોન છે. આ રસ્તા પર અહીં નજીકમાં જ મારૂં ઘર છે. માર્ક, તારો ઘણો આભાર દોસ્ત પણ તું મારી સાથે આવીશ અને તારે મોડું થશે તો તારા ઘરે કોઈ ચિંતા નહીં કરે?

ના હું મારા ઘરે સવારે કહીને જ નીકળ્યો છું કે મારે મોડું થશે એટલે ચાલ, આપણે પહેલા તારો સામાન પહોચાડીએ માર્કે જવાબ આપ્યો. બંને જણા વાતો કરતાં કરતાં જોનના ઘરે પહોંચ્યા. જોનની માતાએ નાસ્તો અને ચા તૈયાર કર્યા એટલી વારમાં બંને છોકરાઓએ ચેસનો એક દાવ પણ ખેલી નાખ્યો. માર્કનો સ્વભાવ એટલો રમુજી અને મળતાવડો હતો કે થોડી વારમાં જ એ જોનની માતા સાથે પણ સરસ રીતે વાતો કરવા માંડયો. એ બંને જણને માર્ક સાથે વાતો કરવાની મજા પડી ગઈ. માર્કે ઘણાં બધા જોકસ કહીને બધાને ખુબ હસાવ્યાં પણ ખરાં.

એ દિવસ પછી તો માર્ક અને જોન બંને પાકા ભાઈબંધ બની ગયા. બંને એક જ બેન્ચ પર બેસતાં અને લગભગ દરેક કાર્યક્રમ, સ્પર્ધા કે રમતામાં જોડે જ રહેતા. એમ કરતા શાળાના દિવસો પુરા થયા. એક દિવસ બંનેને છુટા પડવાનો સમય પણ આવી ગયો.

છુટા પડવાની આગલી સાંજે જોને માર્કને ફોન કરીને પુછયું કે, માર્ક હું તને મળવા માગું છું શું અત્યારે હું તારા ઘરે આવી શકું ખરો?

માર્કે હા પાડી. જોન માર્કના ઘરે આવ્યો. બંને

***બીજા સાથે એવી જ ઉદારતા રાખો જેવી ઈશ્વરે તમારી સાથે રાખી છે.***

જણ માર્કના રૂમમાં બેઠા. થોડીક વાર આડીઅવળી વાતો થઈ એ પછી જોન બોલ્યો માર્ક તને આપણી પ્રથમ મુલાકાત યાદ છે ?
તે મને ચોપડા—બેટ મારા ઘરે પહોચાડવામાં મદદ કરેલી, યાદ આવ્યું ?
હા, તું ઘણો સામાન લઈ જઈ રહયો હતો, એ મને બરાબર યાદ છે માર્ક બોલ્યો. પણ એ બધું હું શું કામ લઈ જઈ રહયો હતો એ મને નહોતું પૂછયુ, ખરું ને ? હકીકતે એ બધું હું શાળાનું મારૂ લોકર ખાલી કરીને ઘરે લઈ જઈ રહયો હતો, જેથી મારા ગયા પછી બીજા કોઈને એ ખાલી કરવાની ઝંઝટ ન રહે.
તારા ગયા પછી એટલે ? માર્કે નવાઈ સાથે પૂછયું.
દોસ્ત જોન ગંભીર બની ગયો, વાત એમ છે કે એ દિવસે હું આપઘાત કરવાનો હતો. મારી માતાની ઉંઘની ગોળીઓની આખી ડબ્બી એ દિવસે મારા ખિસ્સામાં હતી. હું જિદંગીથી સાવ હતાશ અને નિરાશ થઈ ગયો હતો. મારા પિતાજીના અવસાન પછી અમે આ શહેરમાં આવ્યા હતાં. મારે કોઈ મિત્ર કે સગાવ્હાલા કે ભાઈબહેન ન હતા. અરે, દિવસોના દિવસો સુધી મારી સાથે મારી માતા સિવાય વાત કરવાવાળું પણ બીજુ કોઈ નહોતું. અમારી આર્થિક સ્થિતિ પણ ખૂબ નબળી હતી. મારી માતાને મારા અભ્યાસની તેમજ ઘરની એમ બેવડી જવાબદારી પુરી કરવા માટે રાત દિવસ કામ કરવું પડતું. એ બધી તકલીફોથી કંટાળીને મેં જીંદગીનો અંત લાવવાનું નક્કી કરી નાખ્યું હતું, પરંતુ માર્ક એ દિવસે તે મને ટેકો કરેલો એ હકીકતે થોડોક સામાન ઉંચકવા માટેનો નહીં, પરંતુ મારી બાકીની જિંદગી હું ઉપાડી શકું એ માટેનો ટેકો બની ગયો હતો. એ નાનકડા ટેકાએ જ મારી જિંદગી બચાવી છે, દોસ્ત તારો આભાર કઈ રીતે...
જોન આગળ ન બોલી શકયો. એની આંખમાંથી અવિરત આસું વહેતાં હતાં, તો સામે માર્કની આંખો પણ કયાં કોરી હતી ? એ જોનનો હાથ પકડીને ચૂપચાપ બેઠો હતો.

**સાભાર :** હુંફાળા અવસર

<u>**પ્રિય વાચક મિત્રો,**</u>
ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**Happy birthday**

| | |
|---|---|
| Valkubhai Gohil | 12.04.1975 |
| Hiral Gosai | 18.04.1994 |
| Sejal Bhuva | 18.04.1993 |
| Kaushik Pandya | 27.04.1977 |

**In this month**

- 1-2 LAMP Partners meet at Vishwa Yuvak Kendra, New Delhi.
- 1-3 POPI members training for NABARD FPO promotion at DSC
- 3-5 Exposure visit to Organisation for Early Literacy Promotion based in Kishangarh in Ajmer district of Rajasthan
- 5 Training for insurence for staff team by representative of GIZ
- 9-11 ProCIF CEO Connect Forum at Bangalore
- 12-13 SSKK staff team meeting for next year planning
- 15-19 Training Programme by RSA for staff of POPI
- 17 State level consultation on universalization of education in migration affected geographies.
- 21 Core group meeting at SSKK office Amreli
- 22 Climate Change Adaptation Workshop at National Research Centre for Groundnut, Junagadh Organised by AKRSP, CSPC and partner organizations

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**બીજાની સફળતા માટે ઉત્સાહી રહો જેટલા તમારી સફળતા માટે રહો છો.**